# ઉનાવા ગામે યોજાનાર ધાર્મિક મહોત્સવ નિમિત્તે પોલીસનો બંદોબસ્ત ગોઠવાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લામાં ઉનાવા ગામે રબારી સમાજ દ્વારા મહારુદ્રયાગ અને ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક પ્રસંગે રાજકીય આગેવાનો સહિત આશરે ૧૦ લાખથી વધુ શ્રધ્ધાળુઓ સતત ૭ દિવસ જોડાશે. જેના ભાગરુપે પોલીસે પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે. જેમાં પોલીસ કર્મીઓ હાજર રહી અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવશે.

પોલીસસૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લામાં રબારી સમાજનો જૂનો નેસ ગણાતા ઉનાવા ગામે રબારી સમાજ દ્વારા ૧૫૧ કુંડી હોમાત્મક અતિ મહારુદ્ર યાગ તથા શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. સતત સાત દિવસ સુધી ચાલનારા આ ધાર્મિક પ્રસંગે રાજયના સંતો મહંતો સહિત આશરે ૧૦ લાખથી પણ વધુ શ્રધ્ધાળુઓ દર્શન પ્રસાદનો લાભ લેશે. લાખોની સંખ્યામાં ભાગ લેવા આવનાર રબારી સમાજ તથા અન્ય સમાજના ભાવિકોને ધ્યાને લઈ ઉનાવા ખાતે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જોતા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેમાં ૩ પી.એસ.આઈ. ૫૦ હોમગાર્ડના જવાનો સહિત ૬૦ મહિલા પોલીસ તેમજ ટ્રાફિક પોલીસના કર્મીઓ ફરજ બજાવશે.

# ચિલોડા-આર્મી કેમ્પથી બી.એસ.એફ. માર્ગ પર લાલ રેડિયમ પ્લેટનો ઝગમગાટ



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા.૩૦

ગાંધીનગરના મુખ્ય પ્રવેશદ્વારે લેકાવાડાથી ચિલોડા માર્ગ પર સુરક્ષા દળના કેમ્પ આવેલા છે. જેમાં સી.આર.પી. તથા બી.એસ.એફ તથા આર્મી કેમ્પના આ માર્ગો પર રાત દિવસ વાહનોની અવર વજર વધુ જોવા મળે છે. પરિણામે આ કેમ્પના પ્રવેશદ્વારે બેરીકેટસની વ્યવસ્થા કરેલ છે. આ ઉપરાંત બી.એસ.એફ.થી આર્મી કેમ્પ જવાના અવર જવરના માર્ગ વચ્ચે ડિવાઈડરની સુવિધા છે. જેમાં હરિયાળી વનરાજી શોભાયમાન છે. જયારે આ ડિવાઈડરની બંને બાજુ લીલા કલરની લોખંડની જાળી નાંખવામાં આવી છે. ઉપરાંત જાળી નજીક લાલ રેડિયમથી લખેલ બી.એસ.એફ.ની લોખંડની એંગલો લગાડવામાં આવી છે. પરિણામે વાહનોની લાઈટથી રાત્રે ઝગમગાટની રોશની ચમકી રહી છે. પરિણામે માર્ગ પર વાહનચાલકોની સલામતીનો ઉત્તમ માર્ગ ગણી શકાય.

# રન ફોર યુનિટી કાર્યક્રમના આયોજન અંગે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

**ગાંધીનગર જીલ્લામાં ૧૫ ડિસેમ્બરના રોજ યોજાનાર રન ફોર યુનિટીમાં અંદાજે ૫૦ હજાર લોકો જોડાશે : કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં આયોજન અંગેની બેઠક**

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપના અધ્યક્ષસ્થાને, ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ યોજાનાર રન ફોર યુનિટી કાર્યક્રમના આયોજન અંગેની મહત્વપૂર્ણ બેઠક આજરોજ યોજાઈ હતી.

ભારતની એકતા-અંખડિતતાના શિલ્પી, લોખંડી પુરૂષ સરદાર વલ્લભાઈ પટેલની પુનિત સ્મૃતિમાં કેવડિયા ખાતે નર્મદાના સાધુબેટ ખાતે વિશ્વના ઉંચામાં ઉંચા ૧૮૨ મીટરના સ્ટેચ્યુ ઓફ યુનિટી નું નિર્માણ ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કરાનાર છે. આ નિમિત્તે ભારતના તમામ રાજય, જિલ્લા અને ગામોમાંથી -તીક રૂપે લોખંડ-ઓજાર એકત્રિત કરવાની કામગીરી હાથ ધરાઈ છે. આ સંદર્ભે દેશના ૫૬૨ સ્થળોએ રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાનાર છે. ગુજરાતના ૨૬ જિલ્લાઓના ૩૪ શહેરોમાં આ કાર્યક્રમમાં વિરાટ સંખ્યામાં જોડાઈને લોકો રાષ્ટ્ર -ત્યેની, સરદાર પટેલ -ત્યેની નિષ્ઠા-ભાવનાનાં દર્શન કરાવશે.

ગાંધીનગર જિલ્લામાં ૧૫ ડિસેમ્બર-૨૦૧૩ના રન ફોર યુનિટી કાર્યક્રમમાં અંદાજે ૫૦ હજાર લોકો ભાગ લે તે રીતે આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપે બેઠકના -ારંભે સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ કાર્ય, તેના વિવિધ તબક્કામાં કરાનાર કામગીરી વગેરેની વિગતે માહિતી આપી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ કાર્યની સાથે -થમે તબક્કે મોબિલાઈઝેશન એકટિવીટીના ભાગરૂપે રન ફોર યુનિટીના કાર્યક્રમનું આયોજન કરાયું છે. તે પછી લોખંડ-ઓજાર એકત્રિકરણ, ગામેગામથી સોઈલ કલેકશન, વકતૃત્વ - નિબંધ સ્પર્ધાનું આયોજન, ભારતના તમામ ગામોના સરપંચશ્રીઓનો ફોટો અને સહી, ગુડ ગવર્નમેન્ટ પીટીશન, વગેરે જેવા જનભાગીદારી- જન જાગૃતિના -ોત્સાહક કાર્યક્રમો યોજાનાર છે.

૧૫ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ યોજાનાર રન ફોર યુનિટી કાર્યક્રમમાં ગાંધીનગર શહેર, નજીકના ગામો અને પેથાપુર નગરપાલિકા વિસ્તારના મળી ૨૦ હજાર લોકો, કલોલ શહેર, નગરપાલિકા વિસ્તાર અને તાલુકાના ગામો મળી ૨૦ હજાર લોકો તથા માણસા અને દહેગામ નગરપાલિકા વિસ્તાર - તાલુકાના મળી ૧૦ હજાર એમ કુલ- ૫૦ હજાર લોકો આ કાર્યક્રમમાં જોડાનાર છે.

આ ઈવેન્ટમાં ભાગ લેનાર ઓન લાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. runforunity.com વેબસાઈટપર લોગ-ઓન થઈ રજિસ્ટ્રેશન કરાવી શકાશે. રજિસ્ટ્રેશનમાં નામ, ઈ-મેઈલ એડ્રેસ (હોય તો), ફોન-મોબાઈલ નંબર, ગામ-શહેર અને સહી દર્શાવવાના રહેશે. રજિસ્ટ્રેશન વ્યવસ્થિત થાય અને ડુપ્લિકેશન ન થાય તે માટે પૂરતી તકેદારી રખાશે.

આ સમગ્ર ઈવેન્ટ માટે જિલ્લા કલેકટર કચેરી ખાતે એક સેલ કાર્યરત કરવામાં આવેલ છે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન, મ્યુનિસિપલ કમિશનર શ્રી એલ.પી.પાડલિયા, નિવાસી અધિક કલેકટર શ્રી એમ.ડી મોડિયા, -ાંત અધિકારી શ્રી સુધીરભાઈ પટેલ અને -દિપસિંહ રાઠોડ, નાયબ વન સંરક્ષક શ્રી ભાવિન વ્યાસ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જયશ્રીબેન દેવાંગણ અને જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહયાં હતા.

# ગાંધીનગરના સાંતેજ ખાતે ખેલ મહાકુંભની સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

રાજયમાં ચાલતા ખેલ મહાકુંભ અંતર્ગત આજ રોજ ગાંધીનગર જિલ્લાની જિલ્લા પંચાયત સાંતેજ સીટના ૧૨ ગામોની ૧૮ શાળાઓના વિદ્યાર્થીઓ માટે ૬૦ મીટર દોડ અને સ્ટન્ડીંગ બ્રોડ જમ્પની સ્પર્ધા યોજાઈ હતી. જે સ્પર્ધાના ઉદઘાટન પ્રસંગે જિલ્લા પંચાયત સાંતેજ સીટના સદસ્ય અને અને જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેનશ્રી રામાજી વાઘાજી ઠાકોર તથા તાલુકા પંચાયત કલોલના વિરોધપક્ષના નેતા શ્રી રશ્મિજી બી. ઠાકોરે હાજર રહી બાળકોને પ્રોત્સાહીત કર્યા હતા.

ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા પંચાયતની સાંતેજ સીટના રાંચરડા, નાંદોલી, પલોડીયા, ઉનાલી, રણછોડપુરા, સાંતેજ, રકનપુર, વડસર, દંતાલી, વાસજડા (ઢે) શનાવડ ગામોની કુલ ૧૮ પ્રાથમિક શાળાના ૧૨ વર્ષથી નીચેના બાળકો માટેની સ્પર્ધામાં ૧૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૬૦ મીટર દોડ સ્પર્ધામાં કુલ ૧૦૮ જયારે સ્ટેન્ડીંગ બ્રોડ જમ્પ સ્પર્ધામાં ૫૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બંને સ્પર્ધામાંથી બે-બે કુમાર તથા બે-બે કન્યાઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આમ આ બંને સ્પર્ધામાં કુલ ૮ ખેલાડીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જિલ્લા પંચાયતની સીટમાંથી વિજેતા થયેલ ખેલાડીઓ તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બરના રોજ તાલુકા પંચાયત કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

આ સ્પર્ધાને સફળ બનાવવા રાંચરડા પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી હરેશકુમાર જે. પટેલ તથા શાળાના પી.ટી. શિક્ષકોએ ખુબ જ જહેમત ઉઠાવી હતી.

## આજે માણસા ખાતે ચામડીના રોગનો એકાવનમો નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

માણસા ખાતે શ્રી વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદીમાનો વડલો માં પાલઈ વિધ્નેશ્વરી ધામ ખાતે તા. ૧ ડિસેમ્બર રવિવાર બપોરે ૨થી ૬ કલાક દરમિયાન એકાવનમો ચામડીના રોગોનો મફત નિદાન કેમ્પ યોજવાાં આવેલ છે. નિદાન કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ બપોરે ૨ થી ૪ કલાક દરમિયાન નામ નોંધાવવા જણાવાયું છે. આ કેમ્પમાં ગાંધીનગરના ડૉ. ગૌરવ પટેલ સેવાઓ આપશે.

## સે-૩ વસાહત મંડળ દ્વારા પાંસઠ વર્ષના વડીલોનો સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

સે-૩ વસાહત મંડળ ગાંધીનગર દ્વારા સેકટરમાં વસતા તા. ૩૦ નવેમ્બર સુધી પાંસઠ (૬૫) વર્ષ થયેલ હોય તેવા વડીલોનો સ્નેહમિલન સમારોહ તા. ૧૫ ડિસેમ્બર રવિવારના રોજ સાંઈ મંદિર સે-૩-ડી ખાતે સવારે ૧૦થી૧૨ અને સાંજે ૫ થી ૬ દરમિયાન રાખવામાં આવ્યો છે. જેની પૂર્વ તૈયારીના ભાગરૂપે તા. ૧૦ ડિસેમ્બર સુધી જરુરી પુરાવા સાથે નામ નોંધાવવા પ્રમુખ રાજેશ ભટ્ટ દ્વારા જણાવાયું છે.

## બસો બ્યાસી વણકર સમાજ દ્વારા સમૂહલગ્ન-૧૩ના યુગલોને ચેક અર્પણ કરાશે

ગાંધીનગર, તા.૩૦

શ્રી ગાંદીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજ દ્વારા તા. ૨૬ ફેબ્રુઆરી ૧૩ ના રોજ યોજાયેલ સમુહલગ્નના યુગલોને સરકાર તરફથી આપવામાં આવતા લાભોના ચેકો તા. ૧ ડિસેમ્બર રવિવાર સવારે ૧૦ કલાકે સંસ્થાના પ્રમુખ મધુકર પરમારના નિવાસ સ્થાન પ્લોટ નં. ૧૨૭૩/૨, સે-૭-ડી ખાતે રતીલાલ વર્મા પૂર્વ સંસદસભ્યના હસ્તે આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જ્ઞાતિજનોને જણાવાયું છે.

## આર્ટીસ્ટીક સ્પર્ધામાં પ્રગતિ માલી પ્રથમ

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત જીમ્નેસ્ટીક એસોસિએશન દ્વારા નવસારી ખાતે



તા. ૧૪થી ૧૬ નવેમ્બર દરમિયાન સ્ટેટ જીમ્નેસ્ટીક ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર ખાતે આવેલી એસ.જી. ઈંગ્લીશ મિડિયમ પ્રાયમરી સ્કુલ ધો-૭-ડીમાં અભ્યાસ કરતી પ્રગતિ માલીએ આર્ટીસ્ટીક સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવી શહેર અને સ્કુલનું ગૌરવ વધારેલ છે.

## સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટમાં વિધાનસભા ટીમ વિજયી

ગાંધીનગર, તા.૩૦

સચિવાલય ગાંધીનગર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં આજ રોજ ગુજરાત વિધાનસભા અને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ વચ્ચે રમાયેલી લીગ મેચમાં વિધાનસભાની ટીમનો ૧૬૦ રને ભવ્ય વિજય થયો હતો.

વિધાનસભા વતી રમતા શૈલેષ વ્યાસે ૬૪, દિનેશ ચૌધરીએ ૩૩ અને ભીમ કદમે ૩૬ રન બનાવ્યા હતા. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની ટીમ માત્ર ૪૦ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. વિધાનસભા વતી ગૌતમ પટેલે ૧૬ રનમાં ૬ વિકેટ અને નિરજ ગામીતે ૨ રનમાં ૨ વિકેટ લીધી હતી.



સેકટર-૭ ખાતે સૂર્યકાન્તભાઈ મહેતાના ઘરે ભગવાનની પધારમણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પરિવારજનોએ ભગવાની પરંપરાગત રીતે પૂજન-અર્ચન કરી ભક્તિભાવપૂર્વક સ્વાગત કર્યું હતું.

# છાલા ગામની ૨૦ વર્ષીય યુવતી પાંચ દિવસથી ગુમ

ચિલોડા, તા. ૩૦

ગાંધીનગર તાલુકાના છાલા ગામે એક બોરકૂવા ઉપર રહેતા કાન્તીજી રાઠોડની ૨૦ વર્ષીય દિકરી કોઈને પણ કહ્યા વગર મોડી રાતે ક્યાંક ચાલી ગઈ છે. આ સંદર્ભે પરિવારજનોની ફરિયાદ લઈ ચિલોડા પોલીસ યુવતીની શોધખોળ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર છાલા ગામના મંગાભાઈ મણીભાઈ પટેલના બોરકૂવા ઉપર રહેતા કાન્તીજી હિરાજી રાઠોડ (મૂળ રહેવાસી મુધાસણ તા, તલોદ)ની દિકરી ગીતાબેન રાઠોડ (ઉં.વ.૨૦)ના લગ્ન ગણેશપુરાના રહેવાસી મહેશસિંહ રૂપસિંહ સાથે છ માસ અગાઉ થયા હતા. ગીતાબેન પાંચ દિવસ પહેલા મોડી રાત્રે ઘરમાં કોઈને પણ કહ્યા વગર ચાલ્યા ગયા હતા. દરમિયાન વહેલી સવારે યુવતીના માતા-પિતાએ પોતાની દિકરીને ઘરમાં ન જોતા આસપાસમાં શોધખોળ હાથ ધરી હતી પરંતુ કોઈ ભાળ ન મળી હતી. યુવતીએ શરીરે પાતળા બાંધાની, પંજાબી ડ્રેસ પહેરેલ છે. જે ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે. આ સંદર્ભે ગુમ થનાર યુવતીના પિતાએ ચિલોડા પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. પી.જે. પંડ્યા ચલાવી રહ્યા છે.

# એમ.બી. પટેલ સ્કુલમાં કુકીંગ અને મહેંદી સ્પર્ધા યોજાઈ ગઈ

ગાંધીનગર, તા.૩૦

સે-૨૩ સ્થિત કડી સંકુલ ખાતે આવેલી એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડિયમ સ્કુલમાં કુકીંગ અને મહેંદી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડીયમ સ્કુલમાં અભ્યાસની સાથે વિદ્યાર્થીઓની સુષુપ્ત શકિતઓ બહાર આવે તેવા હેતુ સાથે મહેંદી સ્પર્ધા અને કુકીંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં સ્કુલની ૭૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં મહેંદી સ્પર્ધામાં પ્રાચી પટેલ-પ્રથમ, કાજલ કેરાઈ-બીજા અને શ્વેતા રાજાવત, જાન્હવી શાહ સિનિયરમાં પ્રથમ રહ્યા હતા જયારે કુકીંગમાં માનસી પટેલ પ્રથમ, વિશ્વા પટેલ અને લબ્ધી બીજા સ્થાને રહ્યા હતાં.

# બાબા સાહેબ આંબેડકર નિર્વાણદિન નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરાશે

ગાંધીનગર, તા.૩૦

ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા આંબેડકર નિર્વાણદિન નિમિત્તે તા. ૬ ડિસેમ્બરના સવારે ૮ થી ૧૨ દરમિયાન ‘પ્રેરણાભૂમિ’ પ્રતિમા સંકુલ ગાંધીનગર ખાતે પુષ્પાંજલિ અર્પવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં ગાંધીનગર શહેર અને જિલ્લાના અગ્રગણ્ય મહાનુભાવો તેમજ અનેક સંસ્થાના હોદ્દેદારો ઉપસ્થિત રહેશે. તેમ રાજીવ પરીખ, ભરતસિંહ ચૌધરી, વિઠ્ઠલભાઈ પરમાર, વિરસિંહ મકવાણા તેમજ કલ્પેશ ચૌહાણે જણાવ્યું છે.

# સરગાસણના અક્ષર ફ્લેટમાં પોલીસે દરોડો પાડી ૬ દારૂડીયાઓને ઝડપી પાડ્યા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સેક્ટર-૭ પોલીસે ગત મોડી સાંજે ગાંધીનગર નજીક આવેલા સરગાસણ ગામના એક ફલેટમાં દરોડો પાડ્યો હતો અને દારૂની મહેફીલ માણી રહેલા દારૂડીયાઓની પાર્ટીમાં ભંગ પાડી છ જેટલા દારડીયાઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે તમામ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક સરગાસણ ગામે અક્ષર ફલેટ આવેલા છે. જ્યાં આ ફલેટમાં કેટલાક નબીરાઓ દારૂની મહેફીલ માણી રહ્યા હતા. જેની બાતમી ગાંધીનગર સેક્ટર-૭ પોલીસ મથકમાં પી.આઈ. જે.એમ. ભરવાડને મળતા મોડી સાંજે ફ્લેટ પર દરોડો પાડી પાર્ટીના રંગમાં ભંગ પાડ્યો હતો અને દારૂની મહેફીલ માણી બેઠેલા ૬ જેટલા દારડીયાઓ પાર્થ પરમાર, મિહિર ચૌધરી, મોહિત કરશન રાઠોડ, સુનીલ અશોક ચૌહાણ, અજય મોરે તથા મિસ્ત્રી હિરેનને ઝડપી પાડ્યા હતા. જો કે પોલીસને આ દરોડા દરમિયાન કોઈ મુદ્દા માલ મળ્યો ન હતો અને તમામને પીધેલી હાલતમાં પોલીસમથક લઈ ગયા હતા. જ્યાં તમામ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે મોડી રાતે સેક્ટર-૭ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન દારૂની એક નંગ બોટલ સાથે અન્ય એક વ્યક્તિને નરેન્દ્ર વાઘેલાને પણ ઝડપી પાડ્યો હતો. અને તેમના વિરૂદ્ધ પણ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# સહયોગ મંડળ દ્વારા કુપોષિત બાળકોને ખજૂરના પેકેટ વિતરણ કરાયા

ગાંધીનગર, તા.૩૦

સહયોગ મંડળ ગાંધીનગર દ્વારા તાલુકાની આંગણવાડીઓમાં અને શહેરમાં આવેલી સંસ્થામાં રહેતા કુપોષિત બાળકોને ખજૂરના પેકેટનું વિતરણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગરની સગયોગ મંડળ દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમાં ગાંધીનગર તાલુકાના ગામોમાં આવેલી આંગણવાડી અને શહેરની કુલ ૨૪ સંસ્થાના ૫૦૦ જેટલા કુપોષિત બાળકોનો વિકાસ થાય તેવો હેતુ છે. ત્યારે સંસ્થા દ્વારા તાલુકાના પાલજમાં ૧૫, ચિલોડા-૮૦, ધણપ-૪૦, છાલા-૧૪૫, ચંદ્રાલા-૬૫, આલમપુર-૮૫, સે-૨૮ અંધશાળા-૫૦ અને સે-૧૬ બહેરા મૂંગા શાળામાં અભ્યાસ કરતા ૨૦ જેટલા બાળકોને ખજૂરના પેકેટ વિતરણ કરવામાં આવ્યા હતા. જેમાં સંસ્થાના પ્રમુખ ભગુભાઈ પટેલ, ડી.એમ. પરમાર, દિલીપ પટેલ, આંગણવાડી સુપરવાઈઝર પ્રિતીબેન પટેલ સહિત સંસ્થાના સભ્યો જોડાયા હતા.

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૯
સૂર્યાસ્ત : ૫.૫૬

## તાપમાન

મહત્તમ : ૩૦.૬ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૫૨ ટકા

## મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
ગોરી તેરે પ્યાર મેં : ૯.૩૫, ૬.૨૫
કોઈ ને કહેશો નહીં (ગુજરાતી) : ૧૨.૩૫
સીંઘ સાબ ધ ગ્રેટ : ૩.૨૫
રામલીલા : ૯.૨૫

: સ્ક્રીન-૨ :
બુલેટ રાજા : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૪૦, ૭.૪૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૩ :
બુલેટ રાજા : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦

: સ્ક્રીન-૪ :
રામલીલા : ૯.૧૦, ૧૨.૨૫, ૩.૩૦, ૬.૫૫, ૧૦.૧૦

**આર વર્લ્ડ**

: સ્ક્રીન-૧ :
બુલેટ રાજા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**સૂર્યા, વાવોલ**

બુલેટ રાજા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
આત્મા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
બૂલેટ રાજા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**ચિરાગ, કલોલગ, કલોલ**

ઠાકોરની લોહીભીની ચૂંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**ટાઉન હોલ**

- ‘ખુશાલીનો વંશ મોર’ નાટક રાત્રે ૯.૧૫ કલાકે

## આપની આજ

**મેષ** : વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. આર્થિક સ્થિતિ સારી રહેશે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**વૃષભ** : આપના પ્રયાસોથી ઉન્નતિ માર્ગ મોકળો થશે. આનાયાસ જ ધન લાભ થશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યાપાર- વ્યવસાય સારો ચાલશે.

**મિથુન** : આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે.

**સિંહ** : આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યાઓ છતાં કાર્ય થશે. સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : પ્રતિસ્પર્ધામાં વિજય થશે. જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર ધ્યાન આપવું પડશે. પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે.

**વૃશ્ચિક** : પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

**કુંભ** : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**મીન** : આર્થિક કાર્યોમાં સફળતા. સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

## ચિરવિદાય

- સ્વ. કોકીલાબેન નવીનચંદ્ર દવે (ઉ.વ. ૬૮) ૩-સ્વતિક સોસાયટી, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. દશરથજી બળદેવજી ઠાકોર (ઉ.વ. ૩૩) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રમણજી બીનાજી વણઝારા(ઉ.વ. ૫૬) મુક્તિધામ બાજુના છાપરાં, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. ભલાજી ચૂંથાજી ઠાકોર (ઉ.વ. ૯૭) મુ.પો. મહુન્દ્રા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રૂપચંદ્ર હોતચંદ્ર હાસીજા (ઉ.વ. ૮૬) પ્લોટ નં. ૬૭૪/૧, ગોલ્ડન પાર્ક સોસાયટી, સેકટર-૩૦, ગાંધીનગર.